ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૧ ટકા

# નિફ્ટ ખાતે યોજાયુ કોસ્ચ્યુમ જ્વેલરી પ્રદર્શન

## ૩૫ વિદ્યાર્થીઓએ પોતાના ડિપાર્ટમેન્ટ કરતા અલગ ડિપાર્ટમેન્ટમાં બિન પરંપરાગત મટિરિયલ્સના ઉપયોગ વડે અનોખી કૃતિઓ બનાવી રજૂ કરી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તારની સુવિખ્યાત સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી- નિફ્ટ ખાતે ફાઈનલ યરના સ્ટુડન્ટ્સ દ્વારા તૈયાર કરાયેલ એન્યુઅલ કોસ્ચ્યુમ એન્ડ જ્વેલરી પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં નિફ્ટના ૩૫ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યાં હતા જેમણે પોતાના અભ્યાસના ડિપાર્ટમેન્ટ ઉપરાંત અન્ય બિન પરંપરાગત મટિરિયલ્સના ઉપયોગ વડે આકર્ષક વસ્ત્રો અને જ્વેલરી ડિઝાઈન કરી રજૂ કરી હતી.

નિફ્ટ ખાતે યોજાયેલા ફેશન અને લાઈફસ્ટાઈલ એક્સેસરીઝ ડિપાર્ટમેન્ટના વાર્ષિક કોસ્ચ્યુમ જ્વેલરી પ્રદર્શન અંગે ગાંધીનગર સમાચાર સાથે વાત કરતા એક્સેસરીઝ ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રોફેસર અભિષેક શર્માએ જણાવ્યું હતું કે, ‘આ પ્રદર્શનમાં નિફ્ટના તમામ ડિપાર્ટમેન્ટમાંથી ઉત્કૃષ્ઠ પ્રતિભા દાખવનાર ૩૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. જેમણે અત્યાર સુધી ક્યાંય ઉપયોગમાં ના લેવાઈ હોય તેવી બિન પરંપરાગત ચીજવસ્તુઓનો ઉપયોગ કરીને નવા નવા આઈડિયાઝ દ્વારા અનોખી કૃતિઓ તૈયાર કરી છે. અને આ પ્રદર્શન માટે વિદ્યાર્થીઓને એક વૈજ્ઞાનિકની ઢબે વિચારવા પ્રેરિત કર્યા હતા. જે જુદા જુદા સંયોજનો થકી નવીન શોધ કરે છે. વિદ્યાર્થીઓને તેમના વ્યક્તિત્વ અંગે ચિંતન કરી તેને અનુરૂપ મટિરિયલ્સનો ઉપયોગ કરવા સાથે નવી ટેકનિક વિકસાવવા પ્રેરિત કર્યા છે. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ જે કૃતિઓ રજૂ કરી છે તે તેમણે પોતાના અભ્યાસના રૂટિન ડિપાર્ટમેન્ટ કરતા અલગ મટિરિયલ્સ પર કામ કરીને બનાવી છે. જેમકે ફેબ્રિક ડિઝાઈનના વિદ્યાર્થીએ જ્વેલરી બનાવી છે અથવા ટેક્ષ્ટાઈલ ડિઝાઈનના વિદ્યાર્થીએ ફેશન કોમ્યુનિકેશન ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે.





આ સાથે વિદ્યાર્થીઓના મંતવ્યો રજુ કરેલ છે.

● “મેં કોસ્ચ્યુમ જ્વેલરીમાં કામ કર્યું છે જેમાં હું મટિરિયલ્સ એક્સપ્રેશન અંગે શિખ્યો છું પરંતુ આ પ્રદર્શનમાં મેં પેપર પર લેઝર કટિંગ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. અહીં મે ડિઝાઈન કરેલ વસ્ત્રમાં એક રોમન કેથોલિક યુગની ‘આશાની દેવી’ની થીમ રજૂ કરી છે જેની પાસે કોઈ જાય એટલે તુરંત જ લાઈટ ચાલુ થઈ જાય છે. કેમકે આશાની દેવીની કોઈ મૂર્તિ નથી, તે કેથલિક ચર્ચમાં રોઝ વિન્ડોમાંથી લાઈટ ફેંકી પોતાનો આશિર્વાદ આપે છે.”

**- સુધાંશુ સોમચે, સેમ-૭**
**ફેશન ડિઝાઈનીંગ ડિપાર્ટમેન્ટ**

● મેં અત્યાર સુધી ગારમેન્ટ અને જ્વેલરીના ફ્યુઝન સાથેના પ્રોજેક્ટ કર્યા હતા પરંતુ આ પ્રદર્શનમાં મેં ૧૭મી સદીના ‘બારૂખ’ થીમના આધારે કૃતિઓ તૈયાર કરી છે. આ થીમમાં મે સમગ્ર વિશ્વમાં ‘સ્વીકૃત થાય તેવા બે પ્રકારના વેસ્ટર્ન અને ઈન્ડિયન લુક ડિઝાઈન કર્યા છે જેના કલેક્શન થકી હું આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શનમાં પણ ભાગ લેવાનો છું.”

**- જતિન કોહલી, સેમેસ્ટર-૭**
**એક્સેસરીઝ ડિપાર્ટમેન્ટ**

● “હું આમ તો ટેક્ષ્ટાઈટ ડિઝાઈનનો વિદ્યાર્થી છું પરંતુ આ પ્રદર્શન માટે મેં “ટાઈમલેસ બ્યુટિ” થીમ તૈયાર કરી છે. જેમાં મેં સાગના લાકડાનો ઉપયોગ કર્યો છે. કારણ કે સાગના લાકડાનું આયુષ્ય ખૂબ લાંબુ હોય છે. મેં સાગના લાકડા પર કાપડની જેમ વણાટકામ કર્યુ છે જેમાં આર્ટિસ્ટો જેમ નાની નાની બાબતની દરકાર કરે છે તે મુજબ ઝીણવટભર્યુ ડિઝાઈનીંગ તૈયાર કર્યું છે.”

**- રોનક મિસ્ત્રી, સેમ.-૭**
**ટેક્ષ્ટાઈલ ડિઝાઈનીંગ**

## એસ.ટી. નિગમમાં પેથાપુરના યુવાનની સલાહકાર તરીકે પસંદગી

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના અમદાવાદ વિભાગમાં સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના પેથાપુરના



કેયુર પટેલની સલાહકાર તરીકે પસંદગી કરવામાં આવી છે. પેથાપુર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના રહીશોમાં પેથાપુરના આ યુવાનની પસંદગીથી આનંદની લાગણી ફેલાઈ છે.

એસ.ટી. નિગમના અધિનિયમના કાયદા અનુસાર સરકારને મળેલી સત્તાથી કોર્પોરેશનને સલાહ આપવાના હેતુ માટે અમદાવાદ ગ્રામ્ય વિભાગ માટેની સલાહકાર સમિતિની રાજય સરકારે રચના કરી છે. જેમાં પેથાપુરના યુવાન સક્રિય સામાજીક કાર્યકર કેયુરભાઈ કનુભાઈ પટેલની પણ બિન સરકારી સભ્યમાંથી સલાહકાર તરીકે પસંદગી કરવામાં આવી છે. કેયુરભાઈ સામાજીક કાર્યકર તરીકે અત્યાર સુધી પ્રજાલક્ષી પ્રશ્નોને વાચા આપવાનું કામ કરતા જ રહ્યા છે.



કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેકટર-૧૨, ગાંધીનગર દ્વારા આયોજીત શેલ્બી હોસ્પિટલ, નરોડાના સહયોગથી તા. ૫-૧૧-૨૦૧૭ને રવિવારના રોજ ફ્રી મેડિકલ કેમ્પ તથા હેલ્થ ટોકિંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સમાજ સાથે અન્ય ૨૦૦ સિનિયર સિટીઝનોએ કરોડરજ્જુની તપાસ, હાડકાને લગતી તપાસ, ઘુંટણની તપાસ, દમ, અસ્થમા અને ફેફસાંની તપાસ કરાવી હતી. મોટી સંખ્યામાં નાગરિકોએ મેડીકલ કેમ્પનો લાભ લીધો હતો.

## રવિવારે રામકથા મેદાન રાજપૂત યુવાનોથી ઉભરાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે આગામી તા.૧૨મી નવેમ્બરને રવિવારના રોજ સવારે રાજપૂત મહાસંમેલન યોજાશે. રવિવારે રામકથા મેદાન રાજપૂત યુવાનોથી ઉભરાઈ જશે. પદ્માવતી ફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડા કરી ફિલ્મમાં કેટલાક દ્રશ્યો દર્શાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરતી કરણી સેના દ્વારા સખ્ત વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. સમગ્ર દેશમાં આ વિરોધનો વંટોળ ફેલાયો છે. ત્યારે રાજયના રાજપૂત સમાજના વિવિધ સંગઠનોએ પણ કરણી સેનાને સમર્થન આપ્યું છે. અત્યારે હાલના સમયે ગાંધીનગરની સભા માટે ગામડે ગામડે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. રાજપૂત સમાજના યુવાનો હજ્જારોની સંખ્યામાં હાજર રહે તેવી શક્યતાઓ છે. શહેરમાં આ સંમેલનને પગલે તડામાર તૈયારીઓ શરુ કરાઈ છે. ત્યારે કરણી સેના તેમજ સાથી સંગઠનો દ્વારા સભા સ્થળે પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજપૂત સમાજના આગેવાનો પણ છેલ્લા કેટલાક દિવસથી શહેરના મહેમાન બન્યા છે. અને સમાજના યુવાનો-વડીલો સાથે બેઠક યોજીને આગામી રણનિતી ઘડી રહ્યા છે.

## વાતવાતમાં

● સેકટર-૨૫ની સહકાર કોલોનીના બાંકડે છેલ્લા ત્રણ ચાર દિવસથી એક આધેડ મહિલા આવીને બેસી ગઈ છે જે પોતે કયાંથી આવ્યા છે તે ભૂલી ગયા હોઈ કોઈ પૂછે તો રેલ્વેના પાટે પાટેથી આવી છું તેવું કહે છે. આ મહિલાને સોસાયટીના રહીશો હાલ તો માનવતાના ધોરણે ખોરાક-પાણી પુરા પાડી રહ્યા છે પરંતુ તેમનું શું કરવું તે બાબતે ભારે અવઢવમાં મુકાયા છે.

● શહેરમાં વરસાદી સીઝન પછી મુખ્ય માર્ગો પરના સેન્ટ્રલ વર્જમાં વધી ગયેલ ઝાડીઓમાં ચરતી રખડતી ગાયો તથા ઢંકાઈ ગયેલા સાઈન બોર્ડસના કારણે અક્સ્માતનો ભય ખડો થવા પામ્યો છે. તંત્ર દ્વારા તાજેતરમાં ચ માર્ગ પર આવી ઝાડીઓનું ટ્રીમીંગ હાથ ધરાયું હતું પરંતુ તે પણ અધુરું કર્યા ઉપરાંત ઘ માર્ગ પરનું ટ્રીમીંગ કાર્ય પણ હાથ ધરાયું નથી.

● શહેરમાં કેટલાક વિધાનસભાની ચુંટણીમાં ટિકિટ વાંચ્છુ ઉમેદવારો દ્વારા કોઈ પણ રાજકીય પક્ષના પ્રતિક કે ઉલ્લેખ વગર મુકવામાં આવેલા મસમોટા હોર્ડિંગ્સને આચાર સંહિતાનો ભંગ ગણવો કે નહી તે અંગે ચુંટણી તંત્ર વિમાસણમાં મુકાયું છે. કાનુની રીતે આ અગ્રણીઓએ હોર્ડિંગ્સ કે બેનર્સ પર કોઈ રાજકીય લખાણ મુકયુ નથી, માત્ર નૂતનવર્ષની શુભેચ્છાઓ મુકી છે પરંતુ આ અગ્રણીઓ કયા પક્ષના સમર્થનમાં છે તે નાગરિકો સારી રીતે જાણે છે.

## ૬૦ વર્ષીય વૃધ્ધનો રાયપુર કેનાલમાંથી મૃતદેહ મળ્યો : ઓળખવિધી માટે તજવીજ શરુ

ડભોડા નજીક આવેલા રાયપુર ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં એક બિનવારસી વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલિસને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખવિધી માટે તજવીજ શરુ કરી છે. મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ડભોડા પોલિસે મૃત્યુનું કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં રાયપુર નર્મદા કેનાલમાંથી એક બિનવારસી વૃધ્ધનો મૃતદેહ કેનાલના પાણીમાંથી તરતો મળી આવ્યો હતો. ડભોડા પોલિસને ઘટનાની જાણ કરવામાં આવતા પોલિસ સ્થળ પર આવી પહોંચી હતી. કેનાલમાંથી મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. આશરે ૬૦થી ૬૫ વર્ષના બિનવારસી મૃતદેહને પોલિસ દ્વારા પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. શરીરે સફેદ લીટી વાળો શર્ટ અને કમરે પીંક પેન્ટ પહેરેલું છે. મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ડભોડા પોલિસે તેમની ઓળખ માટે ગતિવિધિ તેજ કરી છે.



## સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર શખ્સ ઝડપાયા

ગાંધીનગર, તા.૯

પુન્દ્રાસણ નજીક આવેલા ટીંટોડા ગામની સગીરાનું ૩ નવેમ્બરના રોજ અપહરણ કરી તેણીની ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની પોલિસ ફરિયાદ પેથાપુર પોલિસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ ગુનામાં ટીંટોડા ગામના ૧૯ વર્ષીય રજની ઉર્ફે વિજય દશરથ ઠાકોર અને ૩૦ વર્ષીય મહેશ ઉર્ફે લાલા દશરથ ઠાકોર નાસતા ફરતા હતા. આ બંને આરોપીઓને ગાંધીનગર સર્કલ પી.આઈ. એલ.ડી. વાઘેલા તથા તેમની ટીમે શોધી કાઢીને ધરપકડ કરી લીધી છે. બંનેની ધરપકડ કરીને ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

## કાકરાપાર અણુ ઉર્જા મથકની મુલાકાતે ગાંધીનગરના વિદ્યાર્થીઓ

ગાંધીનગરની પીડીપીયુના ૨૦ વિદ્યાર્થીઓ તથા ૭ અધ્યાપકોની ટીમે ગુજરાતના કાકરાપાર ઓટોમિક પાવર સ્ટેશનની મુલાકાત લઈ ન્યુકિલયર એનર્જી અંગે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી હતી. વૈશ્વિક કક્ષાએ ઉર્જાની સતત વધી રહેલી માંગને પહોંચી વળવા ન્યુકિલયર એનર્જીએ સૌથી સલામત સંશાધનોમાંનું એક ગણાય છે. ભારતમાં હાલ કુલ ઉર્જાની માંગના ૩ ટકા હિસ્સો ન્યુકિલયર એનર્જીથી સંતોષાય છે જેને વર્ષ ૨૦૫૦ સુધીમાં ૨૫ ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પીડીપીયુના વિદ્યાર્થીઓએ કાકરાપાર અણુ ઉર્જા મથકની મુલાકાતમાં પ્લાન્ટની કાર્યપધ્ધતિ, સલામતી વ્યવસ્થા, કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટી જેવા આયામો અંગે મહત્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.




## ઝુંડાલની સોસાયટીમાંથી ઈનોવા કારની ઉઠાંતરી

### ચોરી કરીને ભાગેલો વાહનચોર સીસીટીવી કેમેરામાં કેદ : રાત્રે સવા ત્રણ વાગ્યે ચોરી થઈ હતી

ગાંધીનગર, તા.૯

અડાલજ નજીક ઝુંડાલ ગામમાં સ્થિત એક સોસાયટીના પાર્કિંગમાંથી વાહનચોર આખેઆખી ઈનોવા કારની ઉઠાંતરી કરીને રફુચક્કર થઈ ગયો હતો. રાત્રે સવા ત્રણ વાગ્યે ત્રાટકેલો વાહન ચોર સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે. આ ઈનોવા માલિકની ફરિયાદના આધારે અડાલજ પોલિસે રૂ. ૧૦ લાખની ઈનોવાની ચોરી મામલે ગુનો દાખલ કરી ચોર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ઝુંડાલ ગામના કલ્પતરુ પાર્ક ફલેટમાં રહેતા રાજકુમાર રણજીતસિંહ વાઘેલાએ તેમની જીજે ૬ એચ.એલ. ૪૬૬૦ નંબરની ઈનોવા કાર પોતાના ઘર આંગણે સોસાયટીના પાર્કિંગમાં પાર્ક કરી હતી. ગઈ રાત્રે સવા ત્રણ વાગ્યાના અરસામાં કોઈ વાહનચોર તેમની સોસાયટીમાં ઘુસ્યો અને રૂ.૧૦ લાખ કિંમતની ઈનોવાની ઉઠાંતરી કરી તે શખ્સ અંધારામાં કાર સાથે રફ્ફુચક્કર થઈ ગયો હતો. રાત્રે ૩.૧૭ કલાકે સીસીટીવી કેમેરામાં તે કેદ થયેલો જોવા મળ્યો હતો. અડાલજ પોલિસ મથકમાં રાજકુમાર વાઘેલાએ ફરિયાદ આપતા પીએસઆઈ કે.જી.ચૌહાણે ઉંડી તપાસ આરંભી છે.

## સે-૭ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટના પટાંગણમાં ભવન નિર્માણ માટે ભૂમિપૂજન કરાયું

ગાંધીનગર, તા.૯

શ્રી અરિહંત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ સેકટર-૭ ગાંધીનગર ખાતે તેના પટાંગણમાં એક વિવિધપક્ષી ભવનના નિર્માણ પ્રસંગે ભૂમિપૂજન/ખનનનું આયોજન તા. ૯-૧૧-૨૦૧૭ના રોજ સવારે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન પ.પૂ. ગણીવર યશકલ્યાણ વિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં લાભાર્થી પરીવારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં મહાનુભાવો હાજર રહ્યા હતા અને સૌએ આ ભવનનું નિર્માણ ઝડપથી થાય તે માટે પ્રાર્થના કરી હતી.

# બિનવારસી વૃધ્ધાને આશ્રય આપતો રાહેલબા વૃધ્ધાશ્રમ

## અમદાવાદના સીટીએમ વિસ્તારમાંથી ૧૮૧ અભયમ હેલ્પલાઈન થકી મળી આવેલ ૬૫ વર્ષીય હિન્દી ભાષી માનસિક અશકત વૃધ્ધાને પોલિસે રાહેલબા વૃધ્ધાશ્રમમાં આશ્રય અપાવ્યો

ચિલોડા, તા.૯

ગાંધીનગર તાલુકાના મગોડી ખાતે આવેલ રાહેલબા વૃધ્ધાશ્રમ જીવનની અંતિમ પળોમાં વેદના-વ્યથાનો ભોગ બનેલા તરછોડાયેલા અશકત વૃધ્ધો માટે આશ્રયસ્થાન બન્યું છે. તાજેતરમાં આ વૃધ્ધાશ્રમ ખાતે અમદાવાદના સીટીએમ વિસ્તારના સિંધવાઈ માતાના મંદિરેથી માનસિક રીતે અશકય જણાતા અને નબળી દ્રષ્ટિ ધરાવતા બિનવારસી વૃધ્ધાને ૧૮૧ અભ્યમ હેલ્પલાઈન થકી પોલિસ અધિકારીઓ આશ્રય આપવા લઈને આવ્યા હતા જેને વૃધ્ધાશ્રમમાં જગ્યા ના હોવા છતા માનવતાના ધોરણે આશ્રય આપી રાહેલબા વૃધ્ધાશ્રમના સંચાલકોએ પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

અમદાવાદના રામોલ પોલિસ સ્ટેશનના એએસઆઈ અમનખાન ગુલાબખાને તેમના સ્ટાફ સાથે તા. ૧લી નવેમ્બરે મગોડીના રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે એક વયોવૃધ્ધ વૃધ્ધાને આશ્રય આપવાના હેતુથી લઈને આવ્યા હતા. આ વૃધ્ધા આશરે ૬૫ વર્ષના છે અને સીટીએમ વિસ્તારના સિંધવાઈ માતાના મંદિરેથી ૧૮૧ અભયમ હેલ્પલાઈન થકી બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા. હિન્દી ભાષામાં વાત કરતા માનસિક રીતે દિવ્યાંગ જણાતા અને નબળી દ્રષ્ટિ ધરાવતા આ વૃધ્ધાના વારસદારોને શોધવા માટે પોલિસે જહેમત હાથ ધરી પરંતુ સફળતા મળી શકી નથી. આ સંજોગોમાં વૃધ્ધાને અમદાવાદની વિવિધ સંસ્થાઓ તથા આશ્રમોમાં આશ્રય અપાવવા પ્રયાસ કર્યો પરંતુ કોઈને કોઈ કારણસર એ શકય ના બનતા છેવટે પોલિસ તેમને લઈ મગોડીના રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે આવી પહોંચી હતી. જયાં પ્રવેશ માટે વ્યવસ્થા ના હોવા છતાં માનવતાના ધોરણે વૃધ્ધાને આશ્રય આપી સંચાલકોએ સેવા-ભાવનાની સુવાસ રેલાવી છે.



## ચિરવિદાય

● સ્વ. કાન્તિભાઈ બબાભાઈ સોલંકી, ઉ.વ. ૩૮